**"વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે"** નિમિત્તે તા.૧૭/૦૭/૧૭નાં રોજ ઝોનનાં મુખ્ય માર્ગ ઉપર પ્રભાત ફેરીનુ આયોજન તથા સોસાયટીઓની સફાઈ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૩૦/૦૭/૧૭નાં રોજ **"વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૭/૦૭/૧૭નાં રોજ ઝોનનાં મુખ્ય માર્ગ ઉપર પ્રભાત ફેરીનું આયોજન તથા સોસાયટીઓની સફાઈ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૭/૦૭/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્યનો સ્ટાફ, NGOનાં પ્રતિનિધિઓ તેમજ સોસાયટીનાં પ્રમુખ, સેક્રેટરી, વહીવટકર્તાઓની સંયુકત ટીમો બનાવી ઝોનમાં નિયત કરેલ સ્થળેથી બેનર, પોસ્ટરો તેમજ પેમ્ફલેટ વિગેરે આપી મુખ્ય માર્ગો પર પ્રભાત ફેરીની રેલી કાઢી પ્રજાજનોમાં શહેરને સ્વચ્છ રાખવા તેમજ સુકા/ભીના કચરાને અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા માટેની જનજાગૃતિ રેલી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક ઝોનમાં અનુદાન મેળવતી સોસાયટીનાં પ્રમુખ/સેક્રેટરી તેમજ વહીવટકર્તાઓનો આ ટીમ દ્વારા સંપર્ક કરી સોસાયટીમાં રોકવામાં આવેલ કોન્ટ્રાકટ કામદાર અને આરોગ્ય સ્ટાફની સંયુકત ટીમો દ્વારા સોસાયટીઓમાં ઘનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરાવી કચરો–કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરાવવામાં આવ્યો હતો.

| સફાઈ કરવામાં આવેલ સોસાયટી | NGOનાં પ્રતિનિધિ/ સ્વયંસેવી કાર્યકર્તા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૩૧૫ | ૧૨૬ | ૨૭ | ૩૭૮ | ૧.૯૮૪ | ૪૧૫ |

આ ટીમ દ્વારા સોસાયટીનાં રહીશોને તેમનાં ઘરમાંથી નીકળતા કચરાનું વર્ગીકરણ કરી સુકો/ભીનો કચરો અલગ–અલગ ડસ્ટબીનમાં રાખી ડોર ટુ ડોરનાં વાહનને અલગ–અલગ આપવા તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

:::::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં: 0349.
તા.૧૮/૦૭/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

**નોંધ :–**

સુરત શહેર સોલાર સીટી બનવા જઈ રહયું છે. શહેરના દરેક ઘરો, કારખાના, મીલો તથા કંપનીઓમાં સોલાર પ્લાન લગાવવામાં આવે તે તરફ સુરત મહાનગરપાલિકા આગળ વધી રહયુ છે. મોટા ઘરો અને મોટી કંપનીઓમાં આવા પ્લાનો લગાવવામાં આવે છે. પરંતુ શહેરમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો આવા પ્લાન લગાવવામાં સક્ષમ ન હોવાને કારણે તેઓ સોલાર પ્લાન લગાવી શકતા નથી.

આ માટે  સુરત મહાનગરપાલિકાના મ્યુ.કમિશ્નરશ્રીએ, અધિકારીશ્રીઓ અને સોલાર પેનલ આપતી કંપનીઓના એમ.ડી, ફાઈનાન્શ કરતી કંપની, બેંકો,  ક્રેડીટ સોસાયટીઓ સાથે મળી એક મીટીંગ કરી જે પ્રમાણે ટી.વી., ફ્રીઝ, વોશીંગ મશીન વિગેરે જેવા ઈલેકટ્રોનીક સાધનો માટે જે ફાઈનાન્શ કરે છે તે પ્રમાણેની  નાના અને મધ્યમ વર્ગના લોકો પણ સોલાર પેનલ લગાવી શકે તે માટેની એક પોલીસી બનાવવી જોઈએ જેથી શહેરના તમામ લોકો આનો લાભ લઈ શકે. અને સુરત શહેરને સોલાર સીટી બનાવી શકાય.

(ગિરિજાશંકર મિશ્રા)

નેતા, શાસક પક્ષ,

સુરત મહાનગરપાલિકા

## —:: પ્રેસનોટ ::—

તા.૧૮–૦૭–૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુક્ત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજ્યામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૨૦ | ૧૩ | ૧૯ | ૨૬૦૦ |
| વરાછા | ૭૯ | ૫૨ | ૨૩૦ | ૧૦૪૦૦ |
| રાંદેર | ૨૧ | ૨૧ | ૧૦ | ૪૨૦૦ |
| કતારગામ | ૪૨ | ૨૪ | ૪૫ | ૪૭૦૦ |
| ઉધના | ૨૭ | ૧૪ | ૯૨ | ૨૮૦૦ |
| લિંબાયત | ૪૪ | ૧૪ | ૧૭૧ | ૨૮૦૦ |
| અઠવા | ૪૯ | ૨૧ | ૧૪૬ | ૪૨૦૦ |
| કુલ | ૨૮૨ | ૧૫૯ | ૭૧૩ | ૩૧૭૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરસેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0351
તા.૧૮–૦૭–૨૦૧૭

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

ઉધના ઝોનઃ–

ઉધના ઝોનમાં વડોદ ગામ રામજી મંદિર પાસે, ગેટ કો જીઆવ–બુડીયા રોડ, ટી.પી.૭૧ ગોપાલનગર–૧ પાસે, પાયોનીયર ડ્રીમ પાસે, વડોદ –અલથાણ રોડ પાસે, વડોદ–અલથાણ રોડ પર પાણીની ટાંકી પાસે, વડોદ તળાવ ચોકડીથી નાવડીવાલા ઈન્ડ., નવીન ફલોરીન પાસે, ભેસ્તાન ઈ.ડબલ્યુ.એસ. આવાસ એચ–૧૫, સોએબનગર–ઉન, અરીહંત કોમ્પલેક્ષ, ઉધના, રાયકા સર્કલ, દિવ્યાનંદ સોસાયટી, ઉધના દરવાજા, રસાવાળા ખમણ પાસે, હરીનગર–૨ની પાછળ, હરીનગર–૩, હરીનગર–૩ કોમ્યુનીટી હોલ, દેવકીનંદન શાળાની બાજુમા, દક્ષેશ્વર મંદિર, પાંડેસરા જી.આઈ.ડી.સી., દેવેન્દ્રનગર, પ્રમુખપાર્ક, ભેદવાડ, બમરોલી ગામ પાસે, ઉમા ઈન્ડસ્ટ્રીયલ બમરોલી, શ્રીરામ ઈન્ડસ્ટ્રીયલ, હરીઓમ ઈન્ડસ્ટ્રીયલ, એન. એફ. આઈ. ગાર્ડન, ભેસ્તાન, સોસીયો સર્કલ, સર્વોદય સ્કુલ, ભેસ્તાન બ્રીજ રોડ ખાતે આમ કુલ ૨૮ જગ્યા ભરાયેલ પાણીના નિકાલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે. ઉધના નવસારી રોડ–૬૦,દક્ષેશ્વર થી અલથાણ બ્રીજ રોડ–૩૦, ગોવાલક રોડ–૧૦, ગાંધીકુટીર રોડ–૦૫, પીળી માટી રોડ–૧૦, તિરૂપતીનગર–૦૬, ગુ. હા. બોર્ડ–૧૦, ઉધના સંઘ સેન્ટ્રલ રોડ–૧૦, સેન્ટ્રલ પોઈન્ટથી પિયુષ પોઈન્ટ–૧૦ કર્મચારી મળી કુલ ૧૫૧ કર્મચારીઓ ધ્વારા સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.૪૬૦ કિ.ગ્રા.જેટલી જંતુનાશક દવા વિવિધ વિસ્તારમાં છંટકાવ કરવામાં આવેલ છે.

અઠવા ઝોનઃ–

અઠવા ઝોન વિસ્તારમાં જી.પી.પાર્ક પાસે નવજીવન સર્કલ નજીક, ઉધના મગદલ્લા રોડ, રવિદર્શન સોસાયટીના ગેટ સામે સર્વીસ રોડ પર, ચોર્યાસી આદર્શ સોસાયટી, મમતા સ્કુલ પાસેથી પસાર થતા રસ્તા પર, ભાવિદર્શન મગદલ્લા ગામ પાસે, વેલેન્ટાઈન સીનેમા પાસે, વી.આઈ.પી. રોડ બાગબાન ફાર્મ, ટી.જી.બી. હોટલ મગદલ્લા બ્રીજ પાસે, યુનીયન પાર્ક ઝેડ બ્લુ સામે, ઈ.ડબલ્યુ.એસ. પનાસ કવાટર્સ સામે આમ કુલ ૯ જગ્યાએ ભરાયેલ પાણીના નિકાલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.વરસાદને કારણે પી.એફ. ઓફીસ રોડ મેહાલી એપાર્ટ., ગીતા પ્રેસ સામે, પાર્શ્વદિપ એપાર્ટ. પાસે, વેસુ ગામ સિધ્ધી વિનાયક મંદિરની બાજુમાં જીઈબી તરફ જતો રોડ, વેસુ આભવા ગામ જતા મેઈન રોડ તથા પપીંગ પાસે,સુરત સીટી જીમખાના રોડ, નહેરૂનગર

રોડ,સીટીલાઈટ એપાર્ટ.ની ગલીમાં, જોગર્સ પાર્ક ટ્રેન્ચ લાઈન, યુનીયન પાર્ક ખાડા,સાયન્સ સેન્ટર ટર્નીંગ,ઈ.ડબલ્યુ.એસ. ૫નાસ કવાટર્સ સામે રસ્તા ઉપર ખાડાને જીએસબીથી લેવલ કરાવેલ છે.

વરાછા ઝોનઃ–

વરાછા ઝોન ખાતે કુલ–૩૧ જગ્યાએ પાણીનો ભરાવો થયેલ જેનો તાકીદે નિકાલ કરવામાં આવેલ.૧૮ જેટલી જગ્યાએ સાફ–સફાઈ કરવામાં આવેલ જેમા ૪૮ કર્મચારીઓને રોકવામાં આવેલ.૪૦૦ જેટલી જગ્યાએ જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ તથા ૧.૫ ટન કચરા મિશ્રીત માટીના ઢગલાનું સ્કેપીંગ કરવામાં આવેલ.૧૫૦ મેન હોલ વરસાદી જાળીયા ,ઈનલેટ ચેમ્બર્સની સફાઈની કામગીરી કરવામાં આવેલ.

૩૫૩

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે. જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આમ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમ્યાન કુલ ૧૩૬ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૭ માં ૨(બે)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૩૮ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં જાહેર જનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૭નો ત્રીજો મેડીકલ કેમ્પ તા.૨૨/૦૭/૨૦૧૭ ને શનિવારનાં રોજ **કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસાયટી પાસે, કાપોદ્રા, સુરત** ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે. જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ, ફાઈલેરીયા, મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્ય વિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

"વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે તા.૧૮/૦૭/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ સીનીયર સીટીઝન તથા નાગરીકોનાં સહયોગથી સંયુકત રીતે શાંતિકુંજમાં સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૩૦/૦૭/૧૭નાં રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિતે સરકારશ્રી દ્વારા તા.૧૮/૦૭/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ સીનીયર સીટીઝન તથા નાગરીકોનાં સહયોગથી સંયુકત રીતે શાંતિકુંજમાં સફાઈ ઝુંબેશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૮/૦૭/૧૭નાં રોજ મહાનગરપાલિકાનાં તમામ ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આરોગ્ય/ગાર્ડન વિભાગનાં સ્ટાફ, સીનીયર સીટીઝનો તેમજ નાગરીકોની સંયુકત ટીમો બનાવી ઝોન વિસ્તારમાં આવેલ શાંતિકુંજ બાગની અંદર તેમજ બહારનાં વિસ્તારની ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવ્યા બાદ અંદરનાં ભાગે આવેલ ટોયલેટ બ્લોકોને એસીડ/ફિનાઈલનાં પાણીથી ધોવરાવી ટોયલેટ બ્લોકમાં ડામરની ગોળી, એરફ્રેશનર તેમજ જંતુનાશક દવાનો છંટકાવની કાર્યવાહી કરવામાં આવેલ હતી. ત્યારબાદ સદર બાગોની આજુબાજુનાં રહેણાંક વિસ્તારમાં આ ટીમનાં સભ્યો ઘરે–ઘરે જઈને સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરી અલગ–અલગ ડસ્ટબીનમાં કચરો રાખવા તેમજ ડોર ટુ ડોરનાં વાહનને અલગ–અલગ આપવા માટેની સમજ તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ હતો.

| સફાઈ કરવામાં આવેલ શાંતિકુંજ | આરોગ્ય/ગાર્ડન વિભાગનાં સફાઈ અભિયાનમાં ભાગ લેનાર | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | કામદાર | સીનીયર સીટીઝન/નાગરીકો | | |
| ૩૨ | ૪૫ | ૧૨૪ | ૮૦ | ૧.૮૦૦ | ૪૦૭ |

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0354
તા.૧૯/૦૭/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

## પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા
## માર્કેટ વિભાગ (જાહેર આરોગ્ય ખાતુ)

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ તેમના ઠરાવ નં.૧૩૨૭/૨૦૧૪, તા. ૩૦/૦૭/૨૦૧૪ થી દર વર્ષે શ્રાવણ માસના દર સોમવારે પહેલા, બીજા, ત્રીજા, ચોથા અને પાંચમાં સોમવાર એટલે કે તા.૨૪/૦૭/૨૦૧૭, તા.૩૧/૦૭/૨૦૧૭, તા.૦૭/૦૮/૨૦૧૭, તા.૧૪/૦૮/૨૦૧૭ અને તા.૨૧/૦૮/૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ બંધ રાખવાનું ઠરાવેલ છે. જેની નોંધ આ ધંધા સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી. આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઇસમો સામે ધી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એકટની વિવિધ જોગવાઇઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માર્કેટ ખાતાના વડાએ એક યાદીમાં જણાવ્યુ છે.

સમાચારયાદી નં. 0355
તા.૨૦/૦૭/૨૦૧૭
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૩૫૬

# **પ્રેસનોટ**

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત** :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના ટી.પી.સ્કીમ નં.૧(ઉધના–મજુરા)માં આવેલ સાંઈ આશિષ ઈન્ડ.સોસાયટીમાં સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર ત્રીજા માળનું બાંધકામ કરવામાં આવતા **આજ તા.૧૯/૦૭/૨૦૧૭** ના રોજ પ્લોટ નં.૨૬,૨૭,૨૮ વાળી મિલકતના મિલકતદાર ધ્વારા હયાત ભોંયતળિયા + ૨ માળની મિલકત ઉપર ત્રીજા માળે આશરે ૧૮૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ગેરકાયદેસરનું બાંધકામ કરવાના ઈરાદાનું લોખંડના એંગલ–ચેનલ ઉપર પતરા બેસાડી કરવામાં આવેલ બાંધકામ દૂર કરવામાં આવેલ છે. મિલકતદારો પાસેથી રૂા.૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

## વિજ્ઞાન મેળો

સુરત મહાનગરપાલિકા અને સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લિમીટેડના સંયુકત ઉપક્રમે આર્ટ ગેલેરી, સાયન્સ સેન્ટર સુરત ખાતે તા. ૨૧ અને ૨૨ જુલાઈ, ૨૦૧૭ના રોજ ''સ્માર્ટ સીટી સુરત'' વિષય આધારિત ''વિજ્ઞાન મેળા''નું આયોજન કરવામાં આવ્યું છે. સુરત શહેરની ૨૩ શાળાના ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૩૪ પ્રોજેકટસ ડિસ્પ્લે કરવામાં આવેલ છે. નીચે જણાવેલ વિષયોને અનુલક્ષીને પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલ છેઃ

| | |
|---|---|
| ૧. પ્રદૂષણ મુકત શહેર | ૪. તબીબી સારવાર |
| ૨. ઘન કચરાનો યોગ્ય નિકાલ | ૫. અન્ય જરૂરી સુવિધાઓ |
| ૩. ટ્રાફિક નિયમન | ૬. આપત્તિ નિયમન (Disaster Management) |

વિજ્ઞાન મેળાને બે ગ્રુપમાં વહેંચવામાં આવેલ છેઃ

ગ્રુપ– એઃ ધોરણ ૮,૯ અને ૧૦ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ

ગ્રુપ– બીઃ ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ

આ વિજ્ઞાન મેળો તા. ૨૧/૦૭/૨૦૧૭ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૪:૦૦ કલાક સુધી અને તા. ૨૨/૦૭/૨૦૧૭ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૬:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશ

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## "રાષ્ટ્રીય કક્ષાનો કેપેસીટી બીલ્ડીંગ વર્કશોપ–૨૧/૦૭/૨૦૧૭"
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા ૨જી ઓકટોમ્બર'૨૦૧૪ ગાંધી જન્મ જયંતીનાં શુભ દીને સમગ્ર દેશભરમાં **"સ્વચ્છ ભારત મિશન"** નો કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત સમગ્ર દેશમાં **"સ્વચ્છ ભારત મિશન"** અન્વયે વિવિધ સ્વચ્છતાલક્ષી કાર્યક્રમો કરવામાં આવી રહેલ છે.

આ કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર દ્વારા ગત વર્ષ એટલે કે ૨૦૧૬થી સ્વચ્છ સર્વેક્ષણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. જેમાં ભારત દેશનાં ૭૩ જેટલા શહેરોએ આ સ્વચ્છ શહેરનાં કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. સરકારશ્રીએ નકકી કરેલ સર્વેક્ષણ ટીમ મારફતે આ શહેરની મુલાકાત લઈ સ્વચ્છતાનો ક્રમાંક જાહેર કરવામાં આવેલ હતો. સુરત શહેરને તમામ ૭૩ શહેરમાંથી ૦૬ થો ક્રમાંક પ્રાપ્ત થયેલ હતો.

આજ કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ જાન્યુઆરી માસમાં હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં દેશભરમાંથી કુલ ૫૦૦ જેટલા નાના મોટાં શહેરોએ ભાગ લીધેલ હતો. જેમાં સુરત શહેરને ૦૪ થો ક્રમાંક પ્રાપ્ત થયેલ હતો.

સને–૨૦૧૭નાં સર્વેક્ષણનાં આધારે ભારત સરકાર દ્વારા ૧૪ જેટલા શહેરોમાં **"રાષ્ટ્રીય કક્ષાનો કેપેસીટી બીલ્ડીંગ વર્કશોપ"** યોજવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી **તા.૦૭/૦૭/૨૦૧૭**નાં રોજ વિશાખાપટમ શહેર ખાતે આવો વર્કશોપ યોજાઈ ગયેલ છે. અને હવે **તા.૨૧/૦૭/૨૦૧૭**નાં રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા આવોજ **"રાષ્ટ્રીય કક્ષાનો કેપેસીટી બીલ્ડીંગ વર્કશોપ"**નું આયોજન **સુરત ડુમ્મસ રોડ ખાતે આવેલ ટી જી બી હોટલનાં હોલમાં** કરવામાં આવનાર છે. આ વર્કશોપમાં મુંબઈ, આગ્રા, ચેન્નાઈ વિગેરે મળી કુલ ૧૫ શહેરોમાંથી ઉચ્ચ અધિકારીઓ ભાગ લેનાર છે. વર્કશોપનું શુભારંભ માન.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા દ્વારા કરવામાં આવશે. આ વર્કશોપમાં મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા **"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત જે વિવિધ કામગીરીઓ હાથ ધરવામાં આવી રહેલ છે. તેનું પ્રેઝન્ટેશન આ વર્કશોપમાં રજૂ કરવામાં આવશે તેમજ મહાનગરપાલિકાનાં અન્ય પ્રોજેકટોનું પ્રેઝન્ટેશન પણ કરવામાં આવશે. આ પ્રેઝન્ટેશન માન.ડે.કમિશ્નર.એમ.નાગરાજન, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) **તથા સંલગ્ન અધિકારીઓ દ્વારા કરવામાં આવશે.** આ વર્કશોપ સવારે ૯:૩૦ કલાકથી શરૂ થઈ બપોરે ૧:૦૦ કલાકે પર્ણ થશે. ત્યારબાદ બપોરે ૨:૦૦ કલાકે ઉપસ્થિત રહેલ વિવિધ શહેરોનાં અધિકારીઓને ફિલ્ડ વિઝીટ કરાવવામાં આવશે. તેમજ રાત્રિનાં ૧૦:૦૦ કલાકે મહાનગરપાલિકા દ્વારા કરાવવામાં આવતી નાઈટ સ્વેપીંગ, બ્રશીંગની કામગીરી રૂબરૂ નીરીક્ષણ પણ કરાવવામાં આવશે.

આ સમગ્ર વર્ક શોપનું માન.કમિશ્નરશ્રીનાં માર્ગ દર્શન હેઠળ આરોગ્ય ખાતાનાં ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) તેમજ આરોગ્ય અધિકારી અને નોડલ ઓફિસરશ્રી(SBM) દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0358
તા.૨૦/૦૭/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# <u>પ્રેસ નોટ</u>

સવિનય સહ જણાવવાનું કે સુરત મહાનગરપાલિકા અંતર્ગત જાહેર પરિવહનની સેવા શહેરીજનોને પુરી પાડવામાં આવી રહેલ છે જેમાં બી.આર.ટી.એસ. બસો અને સીટીબસોનો સમાવેશ થાય છે. બી.આર.ટી.એસ. બસો અને સીટીબસોના સંચાલનની તમામ પ્રકારની કામગીરી સુરત સીટીલીંક લિ. હેઠળ કરાવવામાં આવી રહેલ છે.

આજ તા.૨૦/૦૭/૨૦૧૭ ના રોજ આદિનાથ બલ્ક કેરિયર્સ ના તમામ બસ ડ્રાઇવરો તેઓના આંતરિક પ્રશ્નોને કારણોસર આકસ્મિક હડતાળ ઉપર ઉતરી ગયેલ જેના કારણે બસોના શિડ્યુલ મુજબ બી.આર.ટી.એસ. બસોની સેવા કામરેજ થી રેલ્વે સ્ટેશન, ગજેરા સર્કલ થી ડીંડોલી, ઉત્રાણ થી રેલ્વે સ્ટેશન તથા પાલ થી કોસાડ મળી કુલ-૪ રૂટ ઉપર સમયસર શરૂ થયેલ ન હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને હાલાકી ન પહોચે તે માટે બી.આર.ટી.એસ. ના રૂટ ઉપર સીટી બસની સેવા સવારે ૮:૦૦ કલાકે શરૂ કરવામાં આવેલ અને બસોનું ઓપરેશન સામાન્ય કરી દેવામાં આવેલ હતું તથા સંબધિત બસ ઓપરેટરને સદરહુ બાબતે કાયદેસરની નોટીશ પાઠવી દેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0359
તા. ૨૦/૦૭/૨૦૧૭

# <u>પ્રેસનોટ</u>

## <u>દબાણ દૂર કર્યાની વિગત :–</u>

સેન્ટ્રલ ઝોનમાં એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ તા.૧૮/૦૭/૧૭ ના રોજ દબાણ વિભાગ, શહેર વિકાસ વિભાગ, લોકસેવા વિભાગ તેમજ અઠવા પોલિસ સ્ટાફ મળી કાદરશાહની નાળ વિસ્તાર, એકતા સર્કલથી અનેકાદરશાહની નાળ, એલ.આઈ.સી.વાળો રોડ, મજુરાગેટ તરફ જતા રોડ, જીવન ભારતી સ્કુલની પાસેનો રોડ પરથી લારી ગલ્લા, ગેરેજનાં સામાનવાળાઓ, કાટપીટીયાવાળાઓ નો સામાન મળી કુલ–૧૮૫ વસ્તુઓ જમા લેવામાં આવેલ છે. તેમજ તા.૨૦/૦૭/૧૭ ના રોજ ઉપરોક્ત સ્ટાફ મળી સલાબતપુરા પોલિસ સ્ટાફ સાથે ચલમવાડ તેમજ તેની આજુબાજુના વિસ્તાર પરથી લારી–ગલ્લા તેમજ પરચુરણ વસ્તુ મળી કુલ– ૧૪૫ વસ્તુઓ જમા લેવામાં આવેલ છે. તેમજ ૧૫૦ ચો.ફુટ જેટલો શેડ દુરકરી ફુટપાથ ખુલ્લો કરવામાં આવ્યો છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ........................
તા.૨૦/૦૭/૨૦૧૭ 0 3 6 0

# અખબાર યાદી

## ગાર્ડન ખાતુ
## સુરત મહાનગરપાલિકા
## ૬૮ મો વન મહોત્સવ

**<u>૬૮ માં વન મહોત્સવ નિમિતે વૃક્ષારોપણ અને વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ</u>**

- **૬૮ માં વન મહોત્સવ ઉજવણી નિમિતે વૃક્ષારોપણના મુખ્ય કાર્યક્રમની વિગત.**

તા.૨૪/૦૭/૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ૬૮ માં વન મહોત્સવનું આયોજન કરવા તેમજ ઉપલબ્ધ પડતર જમીનમાં વૃક્ષારોપણના કાર્યક્રમો અને શહેરીજનો અને સ્કુલ/કોલેજના વિદ્યાર્થીઓની હાજરીમાં ટી.પી.૧૩(ભરથાણા–વેસુ), એફ.પી.૩૫, ૧૮૦ અને ૧૮૧, ભરથાણા તળાવ, ભરથાણા ગામ, વી.આઈ.પી. રોડ, મનભરી ફાર્મની પાછળ આવેલ વિકાસ પામી રહેલ ગાર્ડન પ્લોટમાં મા.મ્યુ.મેયરશ્રીની અધ્યક્ષતામાં વનમહોત્સવ દ્વારા વૃક્ષો અને પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાવવા જરૂરી આયોજન સવારે ૦૮.૩૦ કલાકે નક્કી કરવામાં આવેલ છે.

- **વોર્ડ વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમની વિગત.**

પરિશિષ્ટ–અ મુજબ તમામ ઝોનમાં દૈનિક ૧ (એક) વોર્ડ વિસ્તારમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ જે તે વોર્ડ વિસ્તારના મા.મ્યુ.સભ્યશ્રીઓ સાથે સંકલન કરી નિયત સ્થળે કરવાનું આયોજન પણ કરવામાં આવેલ છે.

<u>પરિશિષ્ટ–અ</u>

| તારીખ | સેન્ટ્રલ | નોર્થ | વેસ્ટ | સાઉથ વેસ્ટ | સાઉથ | સાઉથ ઈસ્ટ | ઈસ્ટ–અ | ઈસ્ટ–બ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪/૦૭/૨૦૧૭ | ૧૧ | ૨ | ૧ | ૨૦ | ૧૮,૧૯ | ૧૭ | ૩ | ૪ |
| ૨૫/૦૭/૨૦૧૭ | ૧૨ | ૬ | ૯ | ૨૧ | ૨૩ | ૧૮ | ૫ | ૧૩ |
| ૨૬/૦૭/૨૦૧૭ | ૧૯ | ૭ | ૧૦ | ૨૨ | ૨૭ | ૨૪ | | ૧૪ |
| ૨૭/૦૭/૨૦૧૭ | ૨૦ | ૮ | | | ૨૮ | ૨૫ | | ૧૫ |
| ૨૮/૦૭/૨૦૧૭ | | | | | ૨૯ | ૨૬ | | ૧૬ |

- **શહેરમાં વૃક્ષ રોપાણને વેગ આપવા વિના મૂલ્યે રોપા વિતરણ વ્યવસ્થા વિગત.**

૬૮ માં વન મહોત્સવ ઉજવણી દરમ્યાન જે તે ઝોનમાં વિનામૂલ્યે રોપા વિતરણનું પરિશિષ્ટ–બ માં જણાવ્યા મુજબ તા.૨૪/૦૭/૨૦૧૭ થી ૨૯/૦૭/૨૦૧૭ આયોજન કરવામાં આવનાર છે.

**પરિશિષ્ટ – બ**

| ઝોન | સ્થળ |
|---|---|
| ઈસ્ટ | મહારાણા પ્રતાપ ઉદ્યાન – નાના વરાછા, |
| | શહીદ વીર ભગતસિંહ ઉદ્યાન – ત્રિકમ નગર |
| | મોટા વરાછા લેક ગાર્ડન |
| નોર્થ | ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી લેક ગાર્ડન, કાંસાનગર |
| વેસ્ટ | જયોતિન્દ્ર દવે ઉદ્યાન, જોગાણી નગર, |
| | સુભાષ ગાર્ડન , મોરાભાગળ |
| સાઉથ વેસ્ટ | લેકવ્યુ ગાર્ડન, પીપલોદ, |
| | જવાહરલાલ નહેરૂ ઉદ્યાન, અઠવાલાઈન્સ |
| સાઉથ | ઝાંસી કી રાણી ઉદ્યાન, મીરાનગર, |
| | શેઠશ્રી નવિનચંદ્ર મફતલાલ ઉદ્યાન, ભેસ્તાન |
| સાઉથ ઈસ્ટ | લિંબાયત ઝોન ઓફિસ, ડુંભાલ |
| | મહર્ષિ આસ્તિક ઋષિ લેક ગાર્ડન, ગોડાદરા |
| સેન્ટ્રલ | ગાંધીબાગ, ચોક |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચારયાદી નં...0..3..6..1........4
તા.૨૧/૦૭/૨૦૧૭

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૪/૦૭/૨૦૧૭ થી તા.૨૦/૦૭/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૪૧૨ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૨૬ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૯૯ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૩ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૯ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૪ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....0362.......
તા.૨૧/૦૭/૨૦૧૭

# પ્રેસ નોટ

## વિજ્ઞાન મેળો

સુરત મહાનગરપાલિકા અને સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લિમીટેડના સંયુકત ઉપક્રમે આર્ટ ગેલેરી, સાયન્સ સેન્ટર સુરત ખાતે તા. ૨૧ અને ૨૨ જુલાઈ, ૨૦૧૭ના રોજ ''સ્માર્ટ સીટી સુરત'' વિષય આધારિત ''વિજ્ઞાન મેળા''નું આયોજન કરવામાં આવેલ, જેનું ઉદ્દઘાટન આજરોજ મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના વરદ હસ્તે કરવામાં આવેલ, જેમાં ડે.મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી, શાસકપક્ષ નેતા, સાંસ્કૃતિક સમિતી અધ્યક્ષા, વિવિધ સમિતીના ચેરમેનશ્રીઓ, સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. ના સી.ઈ.ઓ , કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ, શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમજ નગરજનો ઉપસ્થિત રહયા હતા. આ વિજ્ઞાન મેળામાં સુરત શહેરની ૨૩ શાળાના ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૩૪ પ્રોજેકટસ ડિસ્પ્લે કરવામાં આવેલ. આ વિજ્ઞાન મેળામાં સુરત સ્માર્ટ સીટી આધારિત વિષયોને અનુલક્ષીને પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલ જેમાં **પ્રદૂષણ મુકત શહેર, ઘન કચરાનો યોગ્ય નિકાલ, ટ્રાફિક નિયમન, તબીબી સારવાર, અન્ય જરૂરી સુવિધાઓ, આપત્તિ નિયમન (Disaster Management)** જેવા વિષયો આવરી લેવામાં આવેલ છે. આ વિજ્ઞાન મેળો તા. ૨૨/૦૭/૨૦૧૭ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૬:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.



સાયન્સ સેન્ટર ખાતે વિજ્ઞાન મેળાનું ઉદઘાટન કરતા તથા પ્રોજેક્ટ નિહાળતા મા.મેયરશ્રી તથા અન્ય મહાનુભાવો

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

રાંદેર ઝોનઃ–

રાંદેર ઝોનમાં ટી.પી.૧૦ (પાલ)માં આવેલ અવધપુરી સોસાયટીના ટી.પી. રોડ પર,જહાંગીરાબાદમાં માધવબાગ સોસાયટીની સામે (સી.સી. રોડ પર),અડાજણ ગામ શ્રીનાથ સોસાયટી સામે પાણી ભરાયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે.પાલણપોર જકાતનાકાથી પર્ફોમીંગ આર્ટ સેન્ટર–૧૦,સ્ટાર બજારથી ગુજરાત ગેસ સર્કલ–૧૧, રંગીલા પાર્ક–૧૧, હળપતીવાસ પાલ–૧૩,ન્યુઝ એવન્યુ–૭,ગુજરાત ગેસ સર્કલ–૬,દિવાળીબાગ સર્કલ–૮, સુલ્તાનીયા દિવાલ–૧૧, શાહ ભાગળ રાંદેર–૧૧,અવધપુરીથી પાલણપોર જકાતનાકા–૦૫ કુલ ૯૩ કર્મચારીઓ ધ્વારા સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.૨ જેટલી જગ્યાએથી મરેલા જાનવરોના નિકાલની કામગીરી કરવામાં આવેલ છે.

વરાછા ઝોનઃ–

વરાછા ઝોન ખાતે ૨૪ જેટલી જગ્યાએ સાફ–સફાઈની કામગીરી કરવામાં આવેલ.કુલ –૧૫૭ જેટલા કર્મચારી સાફ–સફાઈની કામગીરીમાં રોકાયેલ.કુલ–૪ જગ્યા પરથી મરેલા જાનવરોના નિકાલની કામગીરી કરવામાં આવી.૩.૧૪૦ ટન જેટલા કચરાના નિકાલની કામગીરી કરવામાં આવી.૧૮૭ જેટલા જાળીયાના સફાઈની કામગીરી કરવામાં આવી.

લિંબાયત ઝોનઃ–

લિંબાયત ઝોન ખાતે ૮૭૪૦૧ કીલો ચુનો અને ૩૦૪૩૭ કીલો મેલોથીયોન જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.૩ મરેલા જાનવરોના નિકાલની કામગીરી કરવામાં આવેલ છે.૩૫૮.૯૭૨ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.૧૫૮ જેટલા વરસાદી જાળીયાના સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા ૩૬૩૬૧ જેટલા બ્રીડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા.

અઠવા ઝોનઃ–

અઠવા ઝોન વિસ્તારમાં કુલ–૫૨ જગ્યા ૨ જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## "રાષ્ટ્રીય કક્ષાનો કેપેસીટી બીલ્ડીંગ વર્કશોપ–૨૧/૦૭/૨૦૧૭"

## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા ૨જી ઓકટોમ્બર'૨૦૧૪ ગાંધી જન્મ જયંતીનાં શુંભદીને સમગ્ર દેશભરમાં **"સ્વચ્છ ભારત મિશન"**નો કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત સમગ્ર દેશમાં **"સ્વચ્છ ભારત મિશન"** અન્વયે વિવિધ સ્વચ્છતાલક્ષી કાર્યક્રમો કરવામાં આવી રહેલ છે.

**આ કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર દ્વારા ગત વર્ષ એટલે કે ૨૦૧૬થી સ્વચ્છ સર્વેક્ષણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. જેમાં** ભારત દેશનાં ૭૩ જેટલા શહેરોએ આ સ્વચ્છ શહેરનાં કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. સરકારશ્રીએ નકકી કરેલ સર્વેક્ષણ ટીમ મારફતે આ શહેરની મુલાકાત લઈ સ્વચ્છતાનો ક્રમાંક જાહેર કરવામાં આવેલ હતો. સુરત શહેરને તમામ ૭૩ શહેરમાંથી ૦૬ ઠો ક્રમાંક પ્રાપ્ત થયેલ હતો.

સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ જાન્યુઆરી માસમાં હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં દેશભરમાંથી કુલ ૫૦૦ જેટલા નાના મોટાં શહેરોએ ભાગ લીધેલ હતો. જેમાં સુરત શહેરને ૦૪ થો ક્રમાંક પ્રાપ્ત થયેલ હતો.

સને–૨૦૧૭નાં સર્વેક્ષણનાં આધારે ભારત સરકાર દ્વારા ૧૪ જેટલા શહેરોમાં "રાષ્ટ્રીય કક્ષાનો કેપેસીટી બીલ્ડીંગ વર્કશોપ" યોજવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૭/૦૭/૨૦૧૭નાં રોજ વિશાખાપટમ શહેર ખાતે આવો વર્કશોપ યોજાઈ ગયેલ છે. અને આજ તા.૨૧/૦૭/૨૦૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા **"રાષ્ટ્રીય કક્ષાનો કેપેસીટી બીલ્ડીંગ વર્કશોપ"**નું આયોજન **સુરત ડુમ્મસ રોડ ખાતે આવેલ ટીજીબી હોટલનાં હોલમાં** કરવામાં આવેલ, જેમાં સવારે ૯:૩૦ કલાકે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, માન.ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી, આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ), આરોગ્ય અધિકારી અને નોડલ ઓફિસરશ્રી(SBM)એ દીપ પ્રગટાવી વર્કશોપનો શુંભારંભ કરવામાં આવેલ હતો. આ વર્કશોપમાં દેશનાં શહેરો જેવા કે, **વિશાખાપટ્ટમ, મુંબઈ, ચેન્નાઈ, ન્યુ બોમ્બે, પુના, શ્રીનગર, પોંડીચેરી, શીરડી, અમદાવાદ, જામનગર, જૂનાગઢ, ગાંધીનગર** વિગેરે શહેરોમાંથી ૪૫ જેટલા ઉચ્ચ અધિકારીઓએ ભાગ લીધેલ હતો. **તેમજ સુરત શહેરની સ્થાનિક સ્વૈચ્છીક સંસ્થા તથા કામગીરીનાં કન્સલટન્ટશ્રીઓ અને મહાનગરપાલિકાનાં અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ** હાજર રહ્યા હતા.

સૌપ્રથમ માન.મેયરશ્રી દ્વારા સુરત મહાનગરપાલિકામાં કરવામાં આવતી આરોગ્યલક્ષી કામગીરીઓ તથા અન્ય વિવિધ કામગીરીઓની ટુંકસારથી માહિતગાર કરવામાં આવેલ અને સુરત શહેરમાં હવે પછી આરોગ્ય બાબતે વધુ ઘનિષ્ઠ કાર્યવાહી હાથ ધરી, આગામી સ્વચ્છ સર્વેક્ષણમાં દેશભરમાં પ્રથમ ક્રમાંક મેળવે તેવી કામગીરી કરવામાં આવશે. આ પ્રસંગે તેઓશ્રીએ સુરત શહેરના તમામ નાગરીકો, વિવિધ સંસ્થાઓનો આભાર વ્યકત કર્યો હતો.

ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈએ "સ્વચ્છ ભારત મિશન" અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું અને સફાઈ, જાહેર સુવિધાઓ, પે એન્ડ યુઝ ટોયલેટ વિગેરેનું વિસ્તાર સહ કરવામાં આવતી કામગીરીની સમજણ પુરી પાડેલ હતી. ડે.કમિશ્નરશ્રી(ડે.) એમ.નાગરાજન દ્વારા સ્માર્ટ સીટી, બીઆરટીએસ, સ્મેક સેન્ટર વિગેરે પ્રોજેકટોનું પ્રેઝન્ટેશન રજૂ કરી માહિતગાર કર્યા હતા. ત્યારબાદ કાર્યપાલક ઈજનેરશ્રી ઈ.એચ.પઠાણએ સોલીડ વેસ્ટ અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કરી શહેરમાં ઉત્પન્ન થતા કચરાનું એકત્રીકરણથી ડીસ્પોઝલ સાઈટ નિકાલ સુધીની કામગીરીથી માહિતગાર કર્યા હતા. તેમજ ડ્રેનેજ અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની માહિતી પુરી પાડવામાં આવેલ હતી. શ્રીનિહાર ઢલકટરએ પ્લાસ્ટીક વેસ્ટ કલેકશન અને નિકાલ સુધીની કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. શ્રી નિરવ ઠકકરએ બાયો મેડીકલ વેસ્ટના કલેકશન અને યોગ્ય નિકાલ સુધીની કામગીરીથી માહિતગાર કર્યા હતા.

બપોરે ૦૧:૦૦ કલાકે આ વર્કશોપ પુર્ણ થયેલ હતો. ત્યારબાદ બપોરે ૦૨:૦૦ કલાકે ઉપસ્થિત રહેલ અધિકારીશ્રીઓને મહાનગરપાલિકાના પ્રોજેકટો અને અન્ય કામગીરીઓનું સ્થળ નિરીક્ષણ કરાવવામાં આવેલ હતું અને સાંજે ૦૫:૦૦ કલાકે આ તમામ અધિકારીશ્રીઓ સાથે મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે બેઠક યોજવામાં આવેલ હતી. વિવિધ શહેરો માંથી આવેલ અધિકારીશ્રીઓએ વર્કશોપનું સુંદર આયોજન અને કામગીરીઓને બીરદાવી સૌનો આભાર વ્યકત કરેલ હતો.

આ સમગ્ર વર્કશોપનું માન.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ), આરોગ્ય અધિકારી અને નોડલ ઓફિસરશ્રી(SBM) દ્વારા સફળ આયોજન કરવામાં આવેલ હતું.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0 3 6 5
તા.૨૧/૦૭/૨૦૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર



**રાષ્ટ્રીય કક્ષાનો કેપેસીટી બિલ્ડીગ વર્કશોપ તા. ૨૧–૦૭–૨૦૧૭ દીપ પ્રાગટયનો કાર્યક્રમ**

ડાબેથી આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, માન. ડે. મેયરશ્રી શંકરભાઈ ચેવલી, ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડૉ હેમંતભાઈ એસ. દેસાઈ અને આરોગ્ય અધિકારીશ્રી અને નોડલ ઓફીસરશ્રી (એસ.બી.એમ.)ડૉ. આશિષ નાયક